
ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

## શિક્ષણમંત્રી ગુલાબનુ ફુલ અને ચોકલેટ આપી વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવી : પ્રથમ દિવસે એક પણ કોપી કેસ નહીં : ગુજરાતીમાં ૩૬૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : ભૌતિક વિજ્ઞાનમાં પણ ૪૫ વિદ્યાર્થીઓ ગેરહાજર







ગાંધીનગર તા ૭

આજે ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો હતો. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સે-૨૩ સ્થિત ગુરુકુલ વિદ્યાલયમાંથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરાવ્યો હતો. આ તબક્કે શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ તેમજ ચોકલેટ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે તેમણે વિદ્યાર્થીઓને શાંતમને ઈશ્વર પર પુરી શ્રધ્ધા રાખી પરીક્ષા આપવા જણાંવ્યુ હતુ. ધો -૧૦ માં આજે ગુજરાતી અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવાઈ હતી. જયારે જિલ્લામાંથી ૨૬૭૧૦ વિદ્યાર્થીઓ ગુજરાતીની પરીક્ષા આપી હતી જયારે ૩૬૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જયારે ભૌતિક વિજ્ઞાનમાં પણ ૪૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ સહકાર પંચાયત વિષયની પરીક્ષામાં ૫૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. પરીક્ષાના પ્રથમ દિવસે એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. જયારે વિદ્યાર્થીઓએ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લામાંથી અંદાજિત ૫૪ હજાર વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી આપી રહ્યા છે. જયારે ધો -૧૦ માં આજે જિલ્લામાંથી વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી. જયારે ધો -૧૨ ના વિદ્યાર્થીઓ માટે આજે ભૌતિક વિજ્ઞાન વિષયની કસોટી લેવામાં આવી હતી. સવારે ૯ કલાકે સે-૨૩ સ્થિત ગુરુકુલ સ્કુલમાંથી શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પરીક્ષાનો પ્રારંભ કરાવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### ધો -૧૦ સીબીએસસી બોર્ડની પરીક્ષામાં ગણિતનુ પેપર સરળ

ધો -૧૦ સી બી એસ સી બોર્ડમાં આજે ગણિત વિષયની પરીક્ષા લેવાઈ હતી.ગણિતનુ પેપર એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. આ અંગે ચેમ્પસ એકેડમીના ડાયરેકટર અને વિષય નિષ્ણાંત કેવલ ત્રિવેદીએ જણાંવ્યુ હતુ કે બ્લુ પ્રિન્ટ પ્રમાણે ૩૦ પ્રશ્નો પુછાયા હતા. પેપરના વિવિધ ૩ સેટ જોવા મળ્યા હતા. જેમાં ૩૪ ગુણના અલગ અલગ પ્રશ્નો સેટ પ્રમાણે હતા. જયારે મોટાભાગના પ્રશ્નો પુસ્તક આધારિત પુછાયા હતા.પુસ્તક આધારિત સરળ પ્રશ્નો લીધે વિદ્યાર્થીઓને પેપર લખવાની મજા પડી હતી.બીજીતરફ ત્રણ સેટમાં પુછાયેલ કોમન પ્રશ્નના પ્રકરણ ૧૫ માં ભુલ જોવા મળે છે. જેમાં પ્રશ્નની શરૂઆતમાં વિદ્યાર્થીની સંખ્યા ૧૦૦ લખેલી છે.પરંતુ એ જ પ્રશ્નમાં આપેલા કોઠામાં વિદ્યાર્થીની સંખ્યાનો સરવાળો ૧૧૦ થાય છે. જયારે ઘણાં પ્રશ્નો જુના વર્ષના પેપરમાંથી પુછાયા હતા. ટવિસ્ટ પ્રશ્નોના જવાબમાં વિદ્યાર્થીઓને તકલીફ પડી હતી. ગણિતનુ પેપર હોંશિયાર વિદ્યાર્થીઓ માટે સ્કોરીંગ અને સામાન્ય વિદ્યાર્થીઓ માટે સરળતાથી પાસ કરી શકાય તેવુ પુરવાર થયુ હતુ.

### બોર્ડના નિયમોની ઐસી તૈસી : ધો -૧૦ ના ફ્રેકચરગ્રસ્ત વિદ્યાર્થીને ઉંચકીને પ્રથમ માળે બેસાડાયો

**પગમાં ફ્રેકચર હોવાછતા પરીક્ષાર્થી માટે ગ્રાઉન્ડ ફલોર પર બેઠક વ્યવસ્થા ન ગોઠવાઇ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી પરીક્ષાનો પ્રારંભ થયો હતો. વિદ્યાર્થીઓ ભયમુક્ત અને શાંતિપુર્ણ વાતાવરણમાં પરીક્ષા આપ અને તેમને કોઈપણ તકલીફ ન પડે તે માટે શિક્ષણમંત્રી સહીત શિક્ષણતંત્ર દ્વારા સમગ્ર તૈયારીઓ કરી દેવામાં આવી હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. એકબાજુ આજે શિક્ષણમંત્રી વિદ્યાર્થીઓને ચોકલેટ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવી રહ્યા હતા ત્યારે શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં ફ્રેકચરની તકલીફ ધરાવતા વિદ્યાર્થીએ પ્રથમ માળે પરીક્ષા આપવા જવુ પડયુ હતુ. એકઝામ કન્ડકટરના જણાંવ્યા મુજબ સુપરવાઈઝરના અભાવે આ વિદ્યાર્થી માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી નથી. વિદ્યાર્થીઓની કારકીર્દી માટે અત્યંત મહત્વની એવી બોર્ડની કસોટી માટે તંત્ર દ્વારા છેલ્લા એક મહીનાથી તૈયારીઓ કરવામાં આવી રહી હતી. જયારે વિદ્યાર્થીઓને કોઈપણ તકલીફનો સામનો ન કરવો પડે તેવુ આયોજન કરવામાં આવ્યુ હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. જિલ્લા કલેકટર કક્ષાએથી પણ આ મામલે જરૂરી સુચના આપવામાં આવી છે. પરંતુ ગાંધીનગરમાં જ આ મામલે દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. બોર્ડની ગાઇડલાઇન મુજબ દરેક પરીક્ષા સ્થળ પર ગ્રાઉન્ડ ફલોર પર એક બ્લોક રીઝર્વ રાખવામાં આવે છે. જયારે આ સ્થળે શારિરીક અશક્ત પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. પરંતુ શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં આ પ્રકારની કોઈ વ્યવસ્થા ન હોવાના લીધે ધો -૧૦ ના એક ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને પગમાં ફ્રેકચરના પાટા સાથે પ્રથમ માળ સુધી લઈ જવાયો હતો. જયારે આ ઠેકાણે જ તેની બેઠક વ્યવસ્થા રાખવામાં આવી હતી. નિયમ મુજબ આ વિદ્યાર્થીને ગ્રાઉન્ડ ફલોર બેસાડી પરીક્ષા આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ મામલે એકઝામ કન્ડકટરે જણાંવ્યુ હતુ કે સુપરવાઈઝર નહીં હોવાના લીધે પરીક્ષાર્થીના વાલીની સંમતિ પત્રના આધારે પ્રથમમાળે બેસાડવામાં આવ્યો છે.

### ધો -૧૦નુ પેપર સરળ : વિદ્યા વિનયથી શોભે પ્રકૃતિનુ રક્ષણ એ જ જીવન નિબંધ પુછાયો

ધો -૧૦ માં આજે ગુજરાતી વિષયની પરીક્ષા સાથે બોર્ડ કસોટીનો પ્રારંભ થયો હતો. પેપર સંપુર્ણ બલ્યુ પ્રિન્ટ આધારિત હોવાથી વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. આ અંગે વિષય નિષ્ણાંત પી એસ મગરવાડીયાએ જણાંવ્યુ હતુ કે ગુજરાતીનુ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓની કક્ષાઓને ધ્યાને રાખીને કાઢવામાં આવ્યુ છે. ભાગ -૧ માં ૫૦ એમ સી ક્યુ સરળ અને વિદ્યાર્થીઓ ઉત્સાહથી ઉત્તર આપી શકે તેવા પુછાયા છે. જયારે પરિશ્રમ એ જ પારસમણિ અને વિદ્યા વિનયથી શોભે તેમજ પ્રકૃતિનુ રક્ષણ એ જ જીવન વિષય અંગે નિબંધ પુછાયો હતો. સરળ નિંબંધની સાથે પત્ર અને અહેવાલ લેખન પણ સરળ પુરવાર થયા હતા.

### ભૌતિક વિજ્ઞાનનુ પેપર સરળ

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ ભૌતિક વિજ્ઞાન વિષયનુ પેપર પણ બલ્યુ પ્રિન્ટ આધારિત હતુ. આ અંગે વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ માટે ઉત્સાહવર્ધક બની રહે તેવુ હતુ. ભાગ -૧ માં ૫૦ એમ સી ક્યુ ના પ્રશ્નો અત્યંત સરળ પુછાયા હતા. ભાગ - બ માં પણ ૨ અને ૩ ગુણના પ્રશ્નો પણ પાઠયપુસ્તક આધારિત અને સરળ પુરવાર થયા હતા. જયારે ૪ ગુણના દાખલમાં આંકડાકીય માહીતી બદલી હતી જે માત્ર હોંશિયાર વિદ્યાર્થી જ સોલ્વ કરી શકે તેમ હતુ. જયારે અન્ય ચાર ગુણના પ્રશ્નોના જવાબ આપવામાં વિદ્યાર્થીઓએ થોડો સમય વધુ આપવો પડે તેમ હતો. એકંદરે પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ બેવડાયો હતો.

# ગિફ્ટ સીટી હવે આઈ.ટી. હબ બનશે

**આજે મહાત્મા મંદિરમાં આ માટે ૩૮૭ કરોડના રોકાણના એમ.ઓ.યુ. થયા : ૮૭૦૦થી વધુને રોજગાર મળશે**




ગાંધીનગર, તા. ૭

ગિફ્ટસીટીમાં આઈ.ટી. હબ બનાવવાની જાહેરાત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે મહાત્મા મંદિર ખાતે કર્યા બાદ ત્યાં આ આઈ.ટી. હબને લઈ એમ.ઓ.યુ. પણ કરાયા હતા.

ગિફ્ટસીટીમાં આઈ.ટી. હબ ગેઝીયા અને જી.આઈ.ડી.સી. દ્વારા નિર્માણ પામનાર છે. આજે મહાત્મા મંદિર ખાતે આ માટે ૩૮ જેટલા એમ.ઓ.યુ. પણ સાઈન કરવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે આજે જે એમ.ઓ.યુ. થયા તે માટે ૧૨૫૬૫૦૦ ચો.ફૂટ જગ્યા માટે કરાયા છે. જેમાં ૩૮ કંપનીઓ દ્વારા ૩૮૭ કરોડનું રોકાણ કરવામાં આવનાર છે. આ આઈ.ટી. હબમાં ૮૭૦૦થી વધુ લોકોને રોજગારીની તક મળશે.

મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે ગિફ્ટસિટીમાં ગેઝિયા અને જી.આઈ.ડી.સી.ના સંયુક્ત ઉપક્રમે ટેક હબનો પ્રારંભ કરાશે. મુખ્યમંત્રીએ નવા ભારતનું વડાપ્રધાનનું સપનુ સાકાર કરવાની પ્રતિબદ્ધતા સાથે જવાબદારી, ઈમાનદારી અને ફોલોઅપની ચિંતાની સભાનતાથી સતત કાર્યરત રહીને સમયની સાથે ચાલવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ વાયબ્રન્ટ સમીટ-૨૦૧૯માં જે વિવિધ ઉદ્યોગો-રોકાણોના એમ.ઓ.યુ. ઈન્ટેનસન્સ થયા હતા તેમાંથી ૪૫૯ ઉદ્‌ઘાટન, ૧૦૩૦ પ્રોજેક્ટ્સના કાર્યારંભ અને ૨૪૮ના ખાતમુહૂર્ત કરાવ્યા હતા. આ પ્રસંગે વેપાર-ઉદ્યોગ જગતના અગ્રણીઓ પણ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે વાયબ્રન્ટ સમિટની પૂર્ણતાના માત્ર ૪૫ દિવસમાં ૧ લાખ ૬૬ હજાર કરોડના આ પ્રોજેક્ટ્સના કાર્યારંભ, ઉદ્‌ઘાટન અને ખાતમુહૂર્તને સફળ બનાવવાનો શ્રેય રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મયોગીઓના પરિશ્રમને આપ્યો હતો.

રાજ્યના ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ દાસે જણાવ્યુ હતુ કે ગુજરાતે પ્રથમવાર આઈ.ટી. સેક્ટરને ઉદ્યોગનો દરજ્જો આપી દીધો છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં આ ક્ષેત્રે ૬૦૦૦થી વધુ પ્રોજેક્ટસ કાર્યરત છે.

આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘે પણ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સરકારના હકારાત્મક અભિગમનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે રાજ્યમાં રોકાણ વધવાની સાથે સાથે રોજગારીની તકોમાં પણ વધારો થયો છે. તાજેતરમાં ક્રિસીલ દ્વારા થયેલ સર્વેક્ષણના તારણોમાં પણ રાજ્યમાં સીએજીઆરમાં નોંધાયેલ વૃદ્ધિનો ઉલ્લેખ કર્યો હતો.

### જિલ્લામાં પ્રા. શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા તાલુકા દત્તક આપવામાં આવ્યા

**સરકારના નવતર અભિગમ સાથે જિલ્લાતંત્ર દ્વારા પણ આ દિશામાં આગળ વધવાનો નિર્ણય**



ગાંધીનગર, તા. ૭

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે દત્તક તાલુકાની યોજનાનો અમલ કરવાની વ્યુહરચનાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓને દત્તક આપવાનો નિર્ણય લેવાયો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને, કલોલ તાલુકો જિલ્લા શિક્ષણાધિકારીને, દહેગામ તાલુકો ડાયેટના પ્રાચાર્યને જ્યારે માણસા તાલુકો શિક્ષકસંઘના હોદ્દેદારોને દત્તક આપવાનો નિર્ણય લેવાયો છે.

આ બાબતે શિક્ષણ વિભાગના સૂત્રોએ સ્વીકાર કર્યો છે કે આવો નિર્ણય લેવાયો છે અને તે માટે દરેક અધિકારી દ્વારા તાલુકાકક્ષાએ આચાર્યો સાથે બેઠકોનો એક દોર પણ સંપન્ન થઈ ચુક્યો છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના આચાર્યોની આવી એક બેઠક તાજેતરમાં યોજાઈ હતી અને તેમાં ગુણવત્તાસભર શિક્ષણના અભિગમને પ્રાધાન્ય આપી મોનીટરીંગની ટીમો પણ બનાવવામાં આવી છે.

આ વ્યવસ્થામાં મોનીટરીંગ ટીમોમાં ૫૫ જેટલા બી.આર.સી., સી.આર.સી., તેમજ બી.આર.પી.નો સમાવેશ કરી અને તેમને સઘન

● અનુસંધાન પાન-૭ પર

### ધોરણ-૨ના વિદ્યાર્થીઓની ૧૫-૧૬ માર્ચે વધુ એક નિદાન કસોટી

ગાંધીનગર, તા. ૭

આગામી ૧૫-૧૬ માર્ચના રોજ રાજ્યભરમાં વધુ એક વખત ધો. ૨ના વિદ્યાર્થીઓની નિદાન કસોટી યોજવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણની સાથે સાથે ગુણવત્તાસભર બનાવવાના નવતર અભિગમને આગળ કરી સરકાર આગળ વધી રહી છે. પાયાના શિક્ષણથી જ મજબુતાઈ સાથેનું શિક્ષણ બાળકને પ્રાપ્ત થાય તે માટે ધો. ૨ની આ નિદાન કસોટી પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નિદાન કસોટી જે જાન્યુઆરીમાં યોજવામાં આવી હતી તેનું સંયુક્ત પરિણામ નહિ પણ વિદ્યાર્થીદીઠ રિપોર્ટ કાર્ડ જે તે શાળાને સીધા મોકલાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

### રાજ્યમાં કોંગ્રેસના પ્રથમ ચાર ઉમેદવારોની સત્તાવાર જાહેરાત

ગાંધીનગર, તા.૭

લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસ સેન્ટ્રલ ઈલેક્શન કમિટીએ ૧૫ ઉમેદવારોની જાહેરાત કરી હતી. જેમાં ગુજરાતના સર્વશ્રી રાજુભાઈ પરમાર (અમદાવાદ પશ્ચિમ), ભરતસિંહ સોલંકી (આણંદ), પ્રશાંત પટેલ (વડોદરા) અને રણજીત મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)નો સમાવેશ થાય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com